# ઉત્તર ગુજરાતમાં ધંધા-રોજગારમાં આંશિક લૉકડાઉન છતાં સંક્રમણ વધ્યું

## વધુ ૧૫ નાં મોત, મૃત્યુદર ફરી વધતાં ચિંતા વધી, બનાસકાંઠામાં સંક્રમણ કાબુમાં હોવાનું ચિત્ર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨
ઉત્તર ગુજરાતના ૪૭ તાલુકાઓના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ધંધા-રોજગારમાં આંશિક લૉકડાઉન છતાં સંક્રમણ સતત વધી રહ્યું છે જે ચિંતાનો વિષય છે. પાછલા ૨૪ કલાકમાં કોરોનાથી ૧૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. મૃત્યુદર ફરી વધ્યો છે જ્યારે સૌથી વધુ વસતી ધરાવતા ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં સંક્રમણ કાબુમાં આવતું હોવાનું ચિત્ર દેખાય છે.

મે. મહિનો સડસડાટ આગળ વધી રહ્યો છે, ચોમાસુ ઢુકડું છે, ખેડૂતોને ખેતીના કામો બાકી છે પરંતુ કોરોનાનું સંક્રમણ વધતાં ખેડૂતો પોતાનો જીવ જોખમમાં મૂકવા માગતા નથી. છેલ્લા ૫ દિવસથી ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં રેપિડ ટેસ્ટ માટેની કિટ ખૂટી ગઈ છે. કિટ ખૂટી જાય એટલે ટેસ્ટીંગ ઓછું થાય અને તેમ છતાં પણ સંક્રમિત કેસમાં ઉછાળો ખતરાની ઘંટી બની છે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં સવારે બજાર ખૂલે છે પરંતુ બપોર બાદ મોટાભાગના વેપારીઓ ધંધાનાં શટર પાડી જીવતા હશું તો ફરીથી કમાઈ લઈશું..તેવું મન બનાવી ઘરે જતા રહે છે જેથી બપોર બાદ અનેક વિસ્તારોમાં ધંધા-રોજગારમાં આંશિક લૉકડાઉન સ્વયંભૂ જોવા મળે છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન મહેસાણામાં સંક્રમિત કેસમાં સતત ઉછાળો થઈ રહ્યો છે. ૫૫૩૬ સંક્રમિત લોકો જણાઈ આવ્યા છે તે પૈકીના મોટાભાગના લોકોને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. ત્યાર પછી સાબરકાંઠા અને પાટણમાં પણ સંક્રમિત કેસમાં ઉછાળો થઈ રહ્યો છે. લાગે છે કે મે. મહિનાના અંત સુધીમાં સંક્રમણ કાબુમાં નહીં આવે તો દૈનિક સંક્રમિત કેસનો આંકડો ૧૬,૦૦૦ને પાર કરી શકે છે.

### પાછલા ૨૪ કલાકમાં સંક્રમિત કેસ – મોત..

| જિલ્લો | સંક્રમિત કેસ | મોત |
|---|---|---|
| મહેસાણા | ૫૫૩૬ | ૦૬ |
| પાટણ | ૧૫૨૨ | ૦૨ |
| સાબરકાંઠા | ૧૭૭૭ | ૦૩ |
| અરવલ્લી | ૧૪૦૯ | ૦૩ |
| બનાસકાંઠા | ૯૮૪ | ૦૨ |




### દેશમાં કોરોનાની બીજી લહેર નબળી, ઉત્તર ગુજરાતમાં અલગ ચિત્ર

દેશમાં કોરોનાની બીજી લહેર નબળી પડ્યાનો દાવો થઈ રહ્યો છે ત્યારે ઉત્તર ગુજરાતમાં અલગ ચિત્ર સામે આવ્યું છે. કેન્દ્રના આરોગ્ય વિભાગે જાહેર કરેલા આંકડા પ્રમાણે દેશમાં પાછલા ૨૪ કલાકમાં ૩,૨૯,૯૪૨ કેસ નોંધાયા હતા જે અગાઉના દિવસ કરતાં ૩૫,૦૦૦ કેસ ઓછા છે જેથી દેશમાં કોરોનાની બીજી લહેર નબળી પડ્યાનું આંકલન કર્યું છે. પરંતુ ઉત્તર ગુજરાતમાં સ્થિતિ ચિંતાજનક કહી શકાય. સંક્રમિત કેસ માત્ર આરોગ્ય વિભાગના દફતરે નોંધાયેલા રજૂ કરાયા છે તેમાં મૃત્યુ આંકમાં મોટા ઢાંકપીછોડના આક્ષેપ લાગેલા છે. ત્યારે ખાનગી આંકડાઓનો ઉમેરો થાય તો ભલે દેશ અને ગુજરાતમાં કોરોનાની બીજી લહેર નબળી જણાતી હોય પરંતુ ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં સ્થિતિ ચિંતાજનક છે.

# હિંમતનગર મેડીકલ કૉલેજના ડૉક્ટર-નર્સ અનિશ્ચિત મુદતની હડતાલ પર

## કોવિડ-નોન કોવિડ હોસ્પિટલની કામગીરી ઠપ્પ, કોરોનાના દર્દીઓ ઉપર જોખમ વધ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨
પોતાની પડતર માંગ ન સંતોષાતાં જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ-હિંમતનગરના ડૉક્ટર-નર્સ સહિતનો સ્ટાફ કોવિડ અને નોનકોવિડ કામગીરીનો બહિષ્કાર કરી હડતાલ ઉપર ઉતરી જતાં હલચલ મચી ગઈ છે. કોરોનાના દર્દીઓ ઉપર જોખમ વધ્યું છે. સત્વરે હડતાલ નહીં સમેટાય તો કોરોનાના દર્દીઓના મોતમાં ઉછાળો આવવાની દહેશત સેવાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર રાજ્યના જી.એમ.ઈ.આર.એસ. કોલેજોના તબીબી પ્રાધ્યાપકો પોતાની અગાઉની માંગો ન સંતોષાતાં છેલ્લા ૨ દિવસથી હડતાલ ઉપર છે. પ્રથમ દિવસે તો હડતાલ ઉપર ઉતર્યા ત્યારે માત્ર નોન કોવિડ કામગીરીનો બહિષ્કાર કર્યો હતો પરંતુ માંગ સંતોષાય અને સરકારનું નાક દબાવવાના ઈરાદે તા.૧૨ મે.ના રોજથી કોવિડ કામગીરીનો બહિષ્કાર કરતાં સમગ્ર રાજ્યની જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ સહિત હિંમતનગર કોલેજમાં પણ કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. તબીબોએ પોતાની માંગ ન સંતોષાતાં ૪ દિવસ અગાઉ બ્લેક-ડે મનાવ્યો હતો. છેલ્લા ૮ વર્ષથી પડતર પ્રશ્નોનો ઉકેલ સરકાર દ્વારા લાવવામાં આવતો નથી અને તા.૧૧ એપ્રિલ સુધીનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું તેમ છતાં સરકારે પડતર પ્રશ્નો મુદ્દે કોઈ ઉકેલ ન લાવતાં હિંમતનગર કોલેજની ૧૪૧ નર્સ અને ૮૦ ડૉક્ટર સહિત સ્ટાફ હડતાલ ઉપર ઉતરી જતાં કામગીરી લકવાગ્રસ્ત બની ગઈ છે. જો હડતાલ નહીં સમેટાય તો સારવાર લઈ રહેલા અનેક દર્દીઓના જીવ ઉપર જોખમ ઉભું થયું છે.




# જિલ્લાના ૮૦૦ સસ્તા અનાજના દુકાનદારોના ત્યાં કાર્ડધારકોને મફત ઘઉં, ચોખાનું વિતરણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨
સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ એન.એફ.એસ.એ.માં સમાવાયેલ રેશનકાર્ડ ધારકોને ગત રોજથી મફત ઘઉં અને ચોખાનું વિતરણ શરૂ થયું એ સાથે જ જિલ્લાની અનેક સસ્તા અનાજની દુકાનોમાં પણ ભીડ જોવા મળી. અનાજ વિતરણ કેન્દ્રો કોરોના હોટસ્પોટ બને તેવી દહેશત છે. તંત્ર દ્વારા વિતરણ સ્થળે ભીડ એકત્ર ન થાય તે માટે કાર્ડના અંતિમ અંક પ્રમાણે કાર્ડધારકોને બોલાવવામાં આવ્યા પરંતુ અનેક કાર્ડધારકો અસમંજસમાં અને કેટલાક અનાજ નહીં મળે તેવી બીકથી દુકાનો આગળ ઉમટી પડતાં અન્ય દુકાનદારો પણ ચિંતિત બન્યા હતા. યોજનામાં રેશનકાર્ડ ધારકોને વ્યક્તિ દીઠ ૫ કી.ગ્રામ અનાજનું વિનામૂલ્યે વિતરણ થઈ રહ્યું છે જેમાં સાડાત્રણ કીલો ઘઉં અને દોઢ કીલો ચોખાનો સમાવેશ થાય છે.

ગત વર્ષે કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યા પછી લૉકડાઉન જાહેર થયું જેથી એન.એફ.એસ.એ. યોજના હેઠળ સમાવાયેલા કાર્ડધારકોને વિના મૂલ્યે અનાજનું વિતરણ શરૂ થયું હતું તે સમયે પણ સોશ્યલ ડિસ્ટન્સ ભંગની ફરિયાદો સામે આવી હતી. જિલ્લાના ૧૪ તાલુકાઓમાં તા.૧૧ મે. થી ૨૦ મે. સુધી રેશનકાર્ડના બુકલેટના અંતિમ અંક પ્રમાણે કાર્ડધારકોને મફત ઘઉં અને ચોખાનું વિતરણ શરૂ થયું પરંતુ પ્રથમ દિવસે અનેક સસ્તા અનાજની દુકાનો આગળ મફત અનાજ લેવા માટે કાર્ડધારકો ઉમટ્યા. ક્યાંક સમજાવટથી તો ક્યાંક ઉગ્રતા દાખવી ત્યારે કાર્ડધારકો પાછા વળ્યા હતા. સરકાર અને રાજ્યના અન્ન અને પુરવઠા નિગમ દ્વારા યોગ્ય આયોજન વગર જ ઘઉં, ચોખાનું વિતરણ શરૂ કરાયું પરંતુ જિલ્લાની ૮૨૦ થી વધુ સસ્તા અનાજની દુકાનોમાં વિતરણ કરવાનું હતું ત્યાં માસ્ક, સેનેટાઈઝ સહિતની સુવિધા અદ્ધરતાલ જોવા મળી છે તેમ છતાં કેટલાક દુકાનદારોએ ગરીબ પરિવારને મફતનું અનાજ લેવા આવતાં કોરોનાનો ચેપ ન લાગે તેની ચીવટ રાખી પોતાની રીતે કોવિડ-૧૯ ગાઈડલાઈનનો અમલ પણ કર્યો. કોઈપણ કારણોસર લાભાર્થી નિયત કરાયેલા દિવસે દુકાન ઉપરથી મળવાપાત્ર જથ્થો મેળવી શક્યા ન હોય તો તેમના માટે તા.૨૧ થી ૩૧ મે. ના રોજ તેમના તાબાની સસ્તા અનાજની દુકાનમાંથી અનાજનો જથ્થો મેળવી લેવા માટે પણ જણાવવામાં આવ્યું છે.

## ધનસુરા તાલુકામાં કોરોનાના કેસમાં ઘટાડો, તો વધુ એક વિસ્તારને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરાયો

કલેક્ટરએ આ વિસ્તારોમાં ૧૧ મે થી ૨૫ મે સુધી અવર જવર પર પ્રતિબંધ મૂક્યો. ધનસુરા તાલુકા માં વધુ ૧ વિસ્તારને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરાયો છે કલેક્ટરએ આ વિસ્તારમાં ૧૧ મે થી ૨૫ મે સુધી અવર જવર પર પ્રતિબંધ મૂક્યો છે તાલુકા માં કોરોના નું સંક્રમણ વધે નહી તે માટે વધુ ૧ વિસ્તારને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યો છે.

૧- રોડ વાળી ફળી નવા જવાનપુરા ધનસુરા ને કન્ટેન્મેન્ટ મ પર પ્રતિબંધ મૂક્યો છે.

સાથે ધનસુરા માં કોરોનાના કેસોમાં ઘટાડો નોધાયો છે હાલમાં ધનસુરા સહિત વિવિધ ગામોમાં સ્વૈછિક લોકડાઉન પણ ચાલી રહ્યું છે એવામાં કોરોનાના કેસો માં ઘટાડો નોધાયો છે.

## ધનસુરા સીએચસી ખાતે બે દિવસમાં ૨૦૦થી વધુને રસી અપાઈ

હાલ માં રસીકરણ ની કામગિરી શરુ છે ત્યારે ધનસુરા સીએચસી ખાતે બે દિવસ માં ૨૦૦ થી વધુ લોકો ને રસી અપાઈ હતી ૧૧ તારીખ ના રોજ ૧૬૫ લોકોને રસી આપવામાં આવી હતી ૧૨ તારીખ ના રોજ ૪૦ લોકો ને રસી અપાઈ હતી આમ બે દિવસ માં ૨૦૫ લોકો ને રસી અપાઈ હતી હાલમા ધનસુરા તાલુકા માં કોરોનાને લઈ તમામ કેન્દ્રો ઉપર રસીકરણ કરાઈ રહ્યું છે જેમાં લોકો મોટી સંખ્યા માં કોરોનાની રસી મુકાવવા આવી રહ્યા છે કોરોના માં રસીકરણ ખૂબ મહત્વ નું છે એવામાં લોકો પણ હવે મોટી સંખ્યા માં રસીકરણ માટે આવી રહ્યા છે.

# વાડ ચિભડાં ગળતીતી..તલોદની વાવ દૂધ મંડળીનો સેક્રેટરી દૂધ ચોરીમાં ઝડપાયો

## ગામ લોકોએ નજીકના મકાનમાં બેસી વિડીયો ઉતાર્યો, દૂધ મંડળીને ૩.૭૮ લાખનો દંડ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨
દૂધ મંડળી અને સેવા મંડળીમાં મામૂલી પગારમાં અસહ્ય મોંઘવારી છતાં સેક્રેટરીઓ કેમ ફરજ બજાવતા હશે..?? આવો પ્રશ્ન અનેક લોકોને થતો હતો. એક પછી એક દૂધ મંડળી અને સેવા મંડળીના ઉચાપત કૌભાંડો બહાર આવ્યાં(બધા જ સેક્રેટરી આવા હોતા નથી, અનેક નિષ્ઠાવાન પણ હોય છે) ત્યારે તલોદ તાલુકાની વાવ દૂધ મંડળીનો સેક્રેટરી દૂધ મંડળીમાંથી દૂધ ચોર્યા પછી બીજા દિવસે એ જ દૂધ દૂધ મંડળીમાં ભરતો હોવાનો ગામ લોકોએ શિફતપૂર્વક વિડીયો ઉતારી સોશ્યલ મીડીયામાં વાયરલ કર્યા પછી હલચલ મચી છે. સાબરડેરીએ દૂધ મંડળીને અધધ રૂા.૩,૭૮,૦૦૦નો દંડ ફટકાર્યો છે. દૂધ ચોરી કરી સેક્રેટરીએ અને ભોગવવાનો વારો આવ્યો દૂધ ઉત્પાદકોને..તેવો ઘાટ ઘડાયો છે. આવનારા દિવસોમાં સાબરડેરી દ્વારા યોગ્ય તપાસ થાય તો અન્ય દૂધ મંડળીઓનાં કૌભાંડ પણ પ્રકાશમાં આવશે પરંતુ ખુદ સાબરડેરીના સત્તાધિશો ભ્રષ્ટાચારમાં ગળાબૂડ હોવાથી ભ્રષ્ટાચારીઓને સજા થાય તેવી અપેક્ષા રાખવી વ્યર્થ છે.

પશુપાલકો દિવસ-રાત મહેનત કરી દૂધાળા પશુઓ પાલવે છે અને દૂધ ગામની સ્થાનિક દૂધ મંડળીમાં ભરી પરસેવાની કમાણીથી ઘરનું ગુજરાન ચલાવે છે. પરંતુ સાબરડેરીના સત્તાધિશો દૂધ ઉત્પાદકોને યોગ્ય વળતર આપવાના બદલે માત્ર આચમન જેટલો ભાવફેર આપી વાહ..વાહી મેળવે છે. ભરતી પ્રકરણમાં પણ મામકાઓને ગોઠવી દઈને કરોડોનો ભ્રષ્ટાચાર આદર્યો છે અને છતાં તેમના ઉપર ચાર હાથ જેવી સ્થિતિ છે. તાજેતરમાં તલોદ તાલુકાની વાવ દૂધ મંડળીમાં દૂધની ચોરી થતી હોવાનો પર્દાફાશ જાગ્રત ગ્રામજનોએ કર્યો. પ્રકરણને દબાવી દેવાના અનેક ધમપછાડા થયા પરંતુ પશુપાલકોના હિત કાજે સમગ્ર પ્રકરણનો ભાંડાફોડ થયો જેમાં ખુદ દૂધ મંડળીના સેક્રેટરી જ રાત્રે દૂધ મંડળીમાંથી દૂધની ચોરી કરી બીજા દિવસે દૂધ ભરતા હોવાનું બહાર આવતાં સનસનાટી મચી ગઈ છે. કેટલાક લોકો કહે છે કે ગામ લોકોએ જ મંડળીના બાજુના મકાનમાં બેસી વિડીયો ઉતારી સેક્રેટરીના કરતૂતોનો પર્દાફાશ કર્યો છે.



### સેક્રેટરી સાથે તેના પુત્રની પણ સંડોવણી..

સોશ્યલ મીડીયામાં ફરતા થયેલા વિડીયોમાં દૂધ મંડળીમાં રાત્રે પ્રવેશી દૂધની ચોરી કરતા બે ઈસમો જોવા મળ્યા જેમાં દૂધ મંડળીના સેક્રેટરી બાબાભાઈ પ્રજાપતિ અને બીજો તેમનો પુત્ર સાથ આપતો હોવાનું પણ જોવા મળ્યું છે. ગત તા.૨૦ એપ્રિલના રોજ દૂધ ચોરી પ્રકરણ ગામ લોકોએ કેમેરામાં કંડાર્યું હતું અને ૨૨ દિવસ પછી સાબરડેરીએ પગલાં ભરતાં સમગ્ર પ્રકરણ દબાવવામાં કોઈએ તમામ તાકાત કામે લગાડ્યાની દહેશત પણ સેવાય છે.

# ગુજરાત પ્રદેશ ભાજપના બક્ષીપંચ મોરચા, યુવા મોરચામાં સાબરકાંઠા, અરવલ્લીની બાદબાકી

હિંમતનગર, તા.૧૨
સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાને ગુજરાત પ્રદેશ ભાજપના મહિલા યુવા મોરચામાં યોગ્ય સ્થાન ન મળતાં રોષ જોવા મળ્યો છે અને હવે ગુજરાત પ્રદેશ ભાજપના બક્ષીપંચ મોરચા અને યુવા મોરચાની ટીમનું ગઢન થયું તેમાં પણ સાબરકાંઠા, અરવલ્લીની રીતસરની બાદબાકીથી ભાજપના સંનિષ્ઠ કાર્યકરો સમસમી ઉઠ્યા છે. જિલ્લાના એકપણ આગેવાનનું ગાંધીનગરમાં ઉપજતું ન હોય તેવી હવા ઉભી થઈ છે.

ગુજરાત પ્રદેશ યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રશાંત કોરાટ દ્વારા યુવા મોરચાના પ્રદેશ પદાધિકારીઓની નિયુક્તિ જાહેર કરવામાં આવી જેમાં પ્રદેશ ઉપાધ્યાક્ષ, પ્રદેશ મહામંત્રી, પ્રદેશ મંત્રી, પ્રદેશ કોષાધ્યક્ષ અને પ્રદેશ કાર્યાલય મંત્રીમાં એકપણ કાર્યકરની બંન્ને જિલ્લામાંથી પસંદગી કરવામાં આવી નથી તેવી રીતે બક્ષીપંચ મોરચાના પ્રદેશ પદાધિકારીઓમાં પણ બંન્ને જિલ્લાનું નામોનિશાન નથી. બંન્ને જિલ્લામાં અનેક યુવા આગેવાનોમાં વિશિષ્ટ પ્રતિભા રહેલી છે પરંતુ કોના ઈશારે જિલ્લાને બંન્ને મોરચામાંથી વિમૂખ કરી દેવામાં આવ્યો છે. તાજેતરમાં જ ગુજરાત પ્રદેશ મહિલા મોરચા અને ત્યાર પછી યુવા મોરચા અને બક્ષીપંચ મોરચાની ટીમોનું ગઠન થયું તેમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા પ્રત્યે ઓરમાયું વર્તન દાખવતાં નારાજ થયેલા કાર્યકરો પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલને મળી પોતાની પીડા વ્યક્ત કરશે.


# જિલ્લામાં મ્યુકરમાઈકોસીસ દર્દીઓની સંખ્યામાં એકાએક ઉછાળો

## રેમડેસિવિર પછી હવે એમ્ફોટેરેસીન ઈન્જેક્શનની અછત, કાળા બજારની આશંકા

બાયડ તા.૧૨
સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાના ચેપમાંથી બહાર આવેલા અનેક દર્દીઓ હવે મ્યુકર માઈકોસીસ રોગની ઝપેટમાં આવ્યા છે. છેલ્લા એક પખવાડીયામાં દર્દીઓની સંખ્યામાં ઉછાળો થયો છે. કેટલાક દર્દીઓએ સ્થાનિક જિલ્લામાં સારવાર કરવાના બદલે અમદાવાદ, વડોદરા અને ગાંધીનગરમાં સારવાર લેવાનું શરૂ કર્યું છે. રેમડેસિવિર પછી હવે મ્યુકર માઈકોસીસ માટે ઉપયોગમાં લેવાતા એમ્ફોટેરેસીન ઈન્જેક્શનની અછત ઉભી થતાં મોટાપાયે કાળા બજારની આશંકા સેવાય છે.

જો તમે કોરોનાથી સંક્રમિત થઈને સાજા થયા હોય એટલે એકાએક આંખે ઓછું દેખાય, આંખ લાલ થઈ જાય, એક તરફનો ભાગ બહેરો થઈ જાય આવી કોઈપણ સમસ્યા જણાય તો પળનોય વિલંબ કર્યા વગર ડાક્ટર પાસે જતા રહો સંભવ છે કે તમને મ્યુકર માઈકોસીસનો ચેપ લાગ્યો હોય. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૭ તાલુકામાં મ્યુકર માઈકોસીસના દર્દીઓ નોંધાયા છે તે પૈકી બે દર્દી આંખ ગુમાવે તેવી પૂરી સંભાવના છે. બે દર્દીઓના મોત નિપજ્યા છે અને ૨૨ થી વધુ દર્દીઓ સારવાર હેઠળ છે. સ્થાનિક તંત્ર પાસે જિલ્લામાં નોંધાયેલા દર્દીઓની સંખ્યા છે પરંતુ જિલ્લાના હોય અને બીજા શહેરોમાં સારવાર લેતા દર્દીઓની જાણકારી નથી. કોરોનામાંથી બહાર આવેલા દર્દીઓને નાક, આંખ આગળ તેની અસર દેખાય છે જેને ફંગસ ઈન્ફેક્શન તરીકે મેડીકલ ભાષામાં ઓળખ મળી છે. આ રોગ જીવલેણ પણ ગણી શકાય પરંતુ સમયસર યોગ્ય સારવારથી દર્દી બચી જાય છે. પરંતુ કેટલાક દર્દીઓના સગાઓએ જણાવ્યું કે એમ્ફોટેરેસીન ઈન્જેક્શનની અછત જણાય છે માત્ર રૂા.૨૮૦૦ની કિંમતે મળતું ઈન્જેક્શન ગરજવાન દર્દીના સગાને ૫૦૦૦ રૂા. આપે તો પણ મળતું નથી.

## શ્રદ્ધાંજલિ



અ.નિ. ભીખાભાઈ ગોવિંદભાઈ પટેલ
(પૂર્વ ચેરમેન : ધી ડેમાઈ ગૃપ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી)
અ.નિ. તા.૧૦-૫-૨૦૨૧, સોમવાર
ડેમાઈ, તા.બાયડ

દિલમાં સદા દરિયા દીલી,
હૈયે અનહદ હેત...
પગલે...પગલે પરોપકારી,
જીવન જીવ્યા શ્વેત,
એ જ જેમનો જીવન મંત્ર હતો,
એ દિવ્ય આત્માને અમારા કોટિ કોટિ વંદન... પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.

નોંધ : વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી બેસણું રાખેલ નથી.
ટેલિફોનિક બેસણું
આજે તા.૧૩-૫-૨૦૨૧, ગુરૂવાર
સવારે ૧૦-૦૦ થી ૧-૦૦

લી..
નિલેષભાઈ ભીખાભાઈ પટેલ
રીંકુબેન નિલેષભાઈ પટેલ
ઉત્સવ નિલેષભાઈ પટેલ
માહી (સોનુ) હેમલકુમાર પટેલ
અ.નિ.રાહુલકુમાર ભીખાભાઈ પટેલ
ગં.સ્વ.વર્ષાબેન રાહુલકુમાર પટેલ
સૃષ્ટી રાહુલકુમાર પટેલ
તથા સમસ્ત પરિવાર

ડેમાઈ, તા. બાયડ, જિ.અરવલ્લી
મો.૯૪૮૪૪૭૪૧૩૩, ૭૪૯૦૮૬૫૧૯૯, ૯૪૨૬૨૨૨૮૨૮